647510 **BA0GujCC622A** **Seat No :________**

**B.A. Semester - 6 (*CBCS*) Examination**

**April/May-2022 (OLD COURSE)**

**GUJARATI: P22 APATHIT: KAVYA NO ASWAAD, GADHYKHAND NU VIVRAN, SAHITYIK SANSKRUTIK NIBANDHO (CORE - 22)**

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેનામાંથી કોઈપણ એક કાવ્યનો રસાસ્વાદ કરાવો. (૧૪)

ઊંચે ઊંચે તારકના પલકાર,
નીચે મારા હૈયાના થડકાર;
તેની વચ્ચે મૂંગો મૂંગો વહે છે અંધાર.
ધીમા ધીમા વાજો આજ સમીર,
સાગર-વીરા ! લેજે આઘાં નીર:
મારો રે આવે છે વા'લમ, હૈયા કેરો હીર.
નીંદર બે'ની, ઘેરીશ ના એ નેન,
નહીં દેશો, ફૂલો, સુરભિઘેન:
મારા રે વા'લમને આવવા દેજો રે'તાં રેન.
મારા હૈયે કરિયા લાંબા હાથ,
આવીને એ પૂરી કરશે બાથ;
તેની વચ્ચે મૂંગો મૂંગો વ્હેશે પ્રેમ અતાગ. **-પ્રહલાદ પારેખ**

અથવા

આંખોને કાળમીંઢ કોણે ઘડી છે
મને કંઈ તો જોયાનું સુખ આપો...
આવા તે ગામમાં દિવસ ઊગ્યો
કે રાત ઊગી તે કેમ કરી જાણું
સૂરજ ન હોય તો ય સૂરજમુખીનું ફૂલ ઊગે
-ને વાય અહીં વ્હાણું
મૂંઝારે ફાટ ફાટ છાતી ભિંસાય,
મને કંઈ તો રોયાનું સુખ આપો...
પાણી તો ઠીક હજી પાણીનું નામ નથી
હોઠ સુધી કોઈ વાર આવ્યું
ઊગ્યું છે કંઠ મને રેતીનું ઝાડવું
એ વધતું રે જાય છે સવાયું
ખાલી રે કંઠ અને ખાલી હથેળિયું ને
કંઈ તો ખોયાનું સુખ આપો...
આંખોને કાળમીંઢ કોણે ઘડી છે
મને કંઈ તો જોયાનું સુખ આપો.. **-રમેશ પારેખ**

પ્રશ્ન-૨ નીચેનામાંથી કોઈપણ એક ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

સાહિત્ય એ જીવનનું પ્રતીક છે. જીવન નિરોગી,પ્રસન્ન, સેવાપરાયણ, પ્રેમપૂર્ણ અને પરાક્રમી હોય તો તેના બધા જ વ્યાપાર આકર્ષક અને પ્રભાવશાળી થવાના. જે વિચારમાં આર્યતા છે, ઉદાત્તતા છે અને સર્વમંગલકારી કલ્યાણની ભાવના છે તેનું શબ્દશરીર એની મેળે જ ભાવગંભીર, લલિત, કોમળ અને પ્રસાદપૂર્ણ થવાનું જ. માટે કેવળ સાહિત્યની ઉપાસના ન કરતાં જો આપણે આર્ય અને પ્રસન્ન જીવનની ઉપાસના કરીએ તો સાહિત્યની સુંદરતા એની મેળે ફૂટી નીકળશે. બારડોલીનાં ખેતરોમાં પૂજ્ય ગાંધીજી અને વલ્લભભાઈએ ઉચ્ચારેલી ભાષા પોતાની સ્વાભાવિકતાથી જ ધીરોદત્ત અને પ્રૌઢ બની છે. સાહિત્યની ઉન્નતિ કરવી હોય તો જીવનની ઉન્નતિ કરીએ. સાહિત્ય એ જીવનની છાયા છે, જીવનની સુગંધ છે.

-કાકા કાલેલકર

અથવા

કૃતિમાં તમારા વ્યક્તિત્વની છાપ જેમ ઓછી રહે એમ તમારી કલા વધારે વિજયી. ક્ષણિક પ્રસંગ ભલે આલેખો, તુચ્છ મનાતા વિષય પર પણ ભલે લખો, પરંતુ પેલું ખાબોચિયું ગગનનું પ્રતિબિંબ બની રહે છે, એ જ કલ્પના કીમિયાનો ખરો આદર્શ છે. તુચ્છ, લઘુ,ક્ષણિક કે સવાક્ષણિકના નિરૂપણમાં, અનંતતા અને અજબતા સાથે  જુએ-બતાવે તે જ કલ્પનાનેત્ર.ક્ષરને અક્ષર કરે, અણુને મહાન કરે, આ કાને પેસી બીજે કાને નીકળી જવાની પ્રકૃતિવાળાં શબ્દઝૂમખાંને મગજમાં ચોંટાડી દે, સ્વપ્નામાં પણ તેનું રટણ કરાવે, તે જ કલાનો વિજય અને કવિતાની સિદ્ધિ. નવું સંગીન અને બિનંગત, બિનંગત સંગીન અને નવું ઉપજાવે તે તે સાહજિક સૌંદર્યસેવક જ કવિ.

-બળવંતરાય ઠાકોર

પ્રશ્ન-૩ નીચેનામાંથી કોઈપણ એક(૧) નિબંધ લખો. (૧૪)

(૧) માનવજીવનમાં સાહિત્યનું સ્થાન

(૨) મારી પ્રિય સાહિત્યકૃતિ

પ્રશ્ન-૪ નીચેનામાંથી કોઈપણ એક(૧) નો વિગતે પરિચય આપો. (૧૪)

(૧) આતંકવાદ-એક વૈશ્વિક સમસ્યા

(૨) જો ત્રીજું વિશ્વયુદ્ધ થાય તો ?

પ્રશ્ન-૫ નીચેનામાંથી કોઈપણ બે(૨) નો જવાબ આપો. (૧૪)

(૧) તમારા ગામમાં આરોગ્ય કેન્દ્ર સ્થાપવા અંગે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીને અરજી કરો.

(૨) શહેરમાં નીકળેલી રથયાત્રાનો અહેવાલ તૈયાર કરો.

(૩) યા હોમ કરીને પડો, ફતેહ છે આગે. (અર્થવિસ્તાર કરો.)

(૪) “વ્યક્તિ મટી હું બનું વિશ્વમાનવી, માથે ધરું ધૂળ વસુંધરાની” આ પંક્તિનો વિચાર-વિસ્તાર કરો.

************************